મંગલમય જીવન-મૃત્યુ

પૂ. સંતશ્રી આશારામજી

સદ્વિચાર પરિવાર

શારદા-સ્મૃતિ પ્રકાશન-૨

વંદના

સદ્દવિચાર પરિવારનાં મૂકસેવિકા શારદાબેન હરિલાલ પંચાલના પવિત્ર આત્માની શાંતિ માટે સદ્દગતનાં કુટુંબીજનોએ ૧૬ દિવસનો ધાર્મિક વિધિ કર્યો અને સદ્દવિચાર પરિવારનાં સ્વજનો-કાર્યકરોએ તા. ૧૨ થી ૨૪ ઑગસ્ટ સુધીની ૧૩ દિવસની 'જીવન-મૃત્યુ' વિશેની શારદા-સ્મૃતિ વ્યાખ્યાનમાળાનું આયોજન કર્યું.

આ વ્યાખ્યાનમાળા દરમ્યાન અમદાવાદની નજીક મોટેરા પાસે સાબરમતીના પવિત્ર તટ પર આવેલા રમણીય આશ્રમમાં બિરાજતા ને સાધના-ભક્તિની અનોખી મસ્તી વડે અનેક સાધકોને સાધનાના માર્ગે દોરી જતા અદ્વિતીય સંત પૂ. શ્રી. આશારામજી મહારાજની અનેરી પાવનવાણીનો આસ્વાદ પણ વ્યાખ્યાનમાળાના શ્રોતાજનોને સાંપડયો.

આ પાવન પ્રસાદનો આસ્વાદ એ વ્યાખ્યાનમાળામાં હાજર રહી ન શકયાં હોય એમને પણ સાંપડે ને, સૌ કોઈ ચિંતન-મનન-નિદિધ્યાન દ્વારા આ પ્રસાદને વારંવાર વાગોળીને આત્મપુષ્ટ બની શકે તે માટે મૂકસેવિકા શારદાબેનની ત્રીજી માસિક પુણ્યતિથી નિમિત્તે મનના જમણવારની વિશિષ્ટ વાનગીના રૂપમાં પ્રગટ કરતાં ધન્યતા અનુભવાય છે.

આ પ્રસાદીનું નિત્ય નિયમિત પ્રાશત્ આપણાં જીવન-મૃત્યુને પણ મંગલમય બનાવનાર નીવડો એ અભ્યર્થનાપૂર્વક,

-સદ્દવિચાર પરિવાર

પ્રકાશક : સદ્દવિચાર પરિવાર, દરિયાપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૩૮૭૬૭૦

આવૃત્તિ ૧લી	પ્રત : ૨૦૦૦	તા. ૮-૧૧-૭૮
આવૃત્તિ ૨જી	પ્રત : ૩૦૦૦	તા. ૧-૫-૮૦
આવૃત્તિ ૩જી	પ્રત : ૨૦૦૦	તા. ૧-૬-૮૦

મૂલ્ય : ૫૦ પૈસા, રવાનગી ૧૦ પૈસા
સદ્દગત સ્વજનની સ્મૃતિરૂપે વહેંચવા રાહત દરથી અપાશે

મંગલમય જીવન-મૃત્યુ

આજે આપણે જીવન અને મૃત્યુ વિશે વિચારીશું. વાત તો બહુ ટૂંકી છે, પણ બહુ અટપટી છે. જીવન-મરણનો મર્મ બરાબર સમજાઈ જાય તો જીવનની બધી ખટપટ પૂરી થઈ જાય.

આ રહસ્યને ન સમજવાને કારણે સમજીએ છીએ કે આપણે એક સામાન્ય શ્રોતાના રૂપમાં આ દેશ અને કાળમાં ઉપસ્થિત થયા છીએ. પરંતુ એ રહસ્ય બરાબર સમજમાં આવી જાય તો આપણને એકદમ ખ્યાલ આવશે કે, 'હું અનંત અનંત બ્રહ્માંડમાં વ્યાપીને બધી ક્રિયાઓ કરી રહ્યો છું. મારા સિવાય બીજું કંઈ છે જ નહિ.' તો પછી કોનું મૃત્યુ ને કોનું જીવન ?

મૃત્યુને વિવિધ દૃષ્ટિએ વિચારી શકીએ છીએ. પૌરાણિક દૃષ્ટિથી પોતાના ઈષ્ટની સ્મૃતિ જીવન છે, અને ઈષ્ટની વિસ્મૃતિ મૃત્યુ છે.

વ્યાવહારિક દૃષ્ટિથી પોતાની ઈચ્છાને અનુકૂળ ઘટના બને તે જીવન છે. અને ઈચ્છાથી પ્રતિકૂળ ઘટના બને તે મૃત્યુ છે. દિવસમાં આવું મૃત્યુ તો અનેકવાર થાય છે.

લૌકિક દૃષ્ટિથી પદ-પ્રતિષ્ઠા મળે તે જીવન અને બદનામી થાય એ મોત કહી શકાય.]

જેને સર્વસાધારણ લોકો જીવન અને મોત કહે છે તે દૃષ્ટિએ તો પંચમહાભૂતોથી બનેલા સ્થૂળ શરીર સાથે સૂક્ષ્મ શરીરનો સંયોગ જીવન છે અને વિયોગ મોત છે.

અને વેદાંતની દૃષ્ટિએ પોતાના મૂળ સ્વરૂપમાં, આત્મસ્વરૂપમાં સ્થિત થવું એ જીવન છે અને આત્મભાવથી દૂર થઈ પરિચ્છિન્ન જીવભાવમાં આવી જવું એ મૃત્યુ છે.

વાસ્તવમાં નથી કોઈ જીવતું, નથી કોઈ મરતું. કેવળ પ્રકૃતિમાં પરિવર્તન થાય છે. આ પરિવર્તનમાં પોતાની સંમતિ દેવી એ જીવન લાગે છે અને એ પરિવર્તનમાં પરાણે ખેંચાઈ જવું એ મૃત્યુ જેવું દેખાય છે. પણ મૃત્યુ જેવું કશું નથી.

જગતમાં જે કંઈ દેખાય છે, કિલકિલાટ કરતાં પક્ષીઓ, દોડતાં પશુઓ, ઝાડપાન, માનવ–બધાં એક દિવસ મરી જશે. કેટલાંય મરી ગયાં, કેટલાંય રોજ મરતાં આપણે જોઈએ છીએ, ભવિષ્યમાં કેટલાંય પેદા થઈ થઈને મરશે. દાદા ગયા, પિતા ગયા, પડોશી ગયા. અને એક દિવસ આપણે પણ એ તથાકથિત મોતના મુખમાં જઈશું. આ બધું જોવા વિચારવા છતાં ૨૫ વર્ષનો હોય તે ૩૦ વર્ષ જીવવા ઈચ્છે છે, ૩૦ વર્ષનો ૪૦ વર્ષ, ૪૦નો ૬૦ વર્ષ અને ૬૦નો ૧૦૦ વર્ષ જીવવા ઈચ્છે છે. મોત કોઈને પસંદ નથી.

મેં સાંભળ્યું છે કે અમેરિકામાં લગભગ હજાર લાશ સુરક્ષિત પડી છે. એ આશામાં કે વીસ વર્ષ પછી પણ વિજ્ઞાન પ્રગતિ કરીને એમને ફરીથી જીવનદાન આપી શકશે. દરેક લાશને જાળવવા માટે રોજનો દસ હજાર રૂપિયાનો ખર્ચ થાય છે. ૨૦ વર્ષ સુધી ચાલે એટલું ધન એ મરનાર વ્યક્તિઓ જમા કરાવી ગઈ છે.

કોઈ મરવા નથી ઈચ્છતું. બુઢો પણ મરવા નથી ઇચ્છતો, બીમાર પણ મરવા નથી ઈચ્છતો. લાશો પણ જીવતી થવા ઈચ્છે છે. પ્રકૃતિનું એ પરિવર્તન કોઈને પસંદ નથી. જોકે આપણે બધાં જાણીએ છીએ કે :

'जो आया है सो जायगा राजा रंक फकीर ।'

ધારો કે વીસ વર્ષમાં વિજ્ઞાન એટલી પ્રગતિ કરે ને પેલી લાશો ફરીથી જીવતી થઈ જાય તો પણ અંતે તો તે જીર્ણશીર્ણ થવાની જ.

બગીચામાં પેદા થયેલા છોડવા ને ઝાડપાન એના એ રહે, તેની કાપકૂપ કરીને નવા લગાડવામાં ના આવે તો બગીચો બગીચો ન રહે, જંગલ બની જાય. બગીચામાં છોડવા, ઝાડપાન જૂના જાય ને નવા આવે એ જરૂરી છે.

જેને પીવાથી અમર થઈ જવાય અને મરવું ન પડે એવા પાણીની શોધમાં સમ્રાટ સિકંદર હતો. નકશાઓના સહારે વિજય કરતો કરતો તે એવી ગુપ્ત જગ્યાએ પહોંચી પણ ગયો. જે ગુફામાં પાણીનું ઝરણું હતું ત્યાં પહોંચીને તેણે પોતાના બધા સૈનિકોને બહાર રોકી રાખ્યા ને પોતે એકલો જ અંદર ગયો. તે ખૂબ ખુશ હતો; કારણ કે વર્ષોથી જે અમૃતની શોધ કરી રહ્યો હતો તે અમૃત આજે પોતાની સામે પ્રત્યક્ષ જોયું. ચાંદી જેવું શ્વેત અમીજળ વહી રહ્યું હતું. તે જોઈને આંખો ચમકી ઊઠી. હોઠ તો પહેલેથી જ એ અમૃત–જળ પીવા આતુર હતા. તે નીચે નમ્યો, પાણીની અંજલી ભરવા હાથ લંબાવ્યો. ખોબો ભરી લીધો હતો. હોઠ પાસે ખોબો પહોંચી ચૂક્યો હતો, હોઠ પહોળા થઈ રહ્યા હતા. એટલામાં એકાએક તેના કાને કોઈનો અવાજ પડ્યો : 'થોભી જાઓ, સિકંદર, ઉતાવળ ન કરો. જે ભૂલ મેં કરી એ તમે ન કરશો.'

સિકંદરે ડોક ઊંચી કરીને જોયું તો સામે એક કાગડો બેઠો હતો. તે કહી રહ્યો હતો.

'મને સાધારણ કાગડો ન સમજશો, હું કાગડાઓનો સમ્રાટ છું. હું પણ તમારી જેમ ખૂબ જ શોધ કરીને આ સ્થળે પહોંચ્યો હતો અને અમૃત–જળ પીધું હતું. પણ પીતાં જ મુસીબતમાં મૂકાઈ ગયો.'

અમૃત–જળનાં પાનમાં વચ્ચે આવેલું આ વિઘ્ન સિકંદરને ગમ્યું નહિ. છતાં તે કાગડાની વાત ધીરજથી સાંભળતો હતો.

'તમારે આ જળ પીવું હોય તો પીજો. પણ મારી વાત સાંભળી લો. હું આ જળ પીને અમર થઈ ગયો છું. મારે જીવનમાં જેટલું ફરવું હતું તેટલું ફરી લીધું, સાંભળવું હતું એટલું સાંભળી લીધું, ખાવું હતું એટલું ખાઈ લીધું. મોજ કરવી હતી એટલી મોજ કરી લીધી. હવે કરવા માટે કંઈ બાકી રહ્યું જ નથી. તેથી જીવવું એ મારા માટે બોજો બની ગયું છે. હું મરવા ઇચ્છું છું પણ મરી શકતો નથી. પાણીમાં કૂદ્યો પણ પાણીએ મને ડૂબાડ્યો નહિ. પહાડ પરથી પડતું મૂક્યું તોય મર્યો નહિ. આગની જ્વાળાઓમાં પડતું

મૂકયું પણ, આગે મને બાળ્યો નહિ, તલવાર સાથે ગળું ઘસ્યું પણ તલવાર બુઠ્ઠી થઇ તોય ગળું ન કપાયું.

'સાંભળ્યું હતું કે અમર થઇને સુખી થઇશ પણ હવે ખબર પડી કે આ તો મુસીબત વહોરી લીધી. તમારે આ જળ પીવું હોય તો હવે પીઓ. હું ના નથી પાડતો. પણ એક વિનંતિ છે કે આ અમૃત–જળ પીધા પછી પણ મરી શકવાનો કોઇ ઉપાય જાણવા મળે તો મને ખબર આપશો.'

સિકંદર અચકાયો, વિચારમાં પડચો. પછી ચુપચાપ પાછો વળી ગયો... અમૃત પીધા વગર.

આ ઘટના સાચી હોય કે ખોટી તેનું મહત્ત્વ નથી. પણ એમાં એ તથ્ય છૂપાયેલું છે કે જેટલું જીવન જરૂરી છે એટલું જ મોત પણ જરૂરી છે. પરિવર્તન થવું જ જોઇએ.

જે જીવન માટે પોતાની લાશ બચાવવા કરોડો રૂપિયા ભેગા કરીને લોકો ચાલ્યા ગયા, જે જીવન ટકાવી રાખવા માટે આપણે માલ-મિલકત ભેગાં કરીએ છીએ, લોકોને દુઃખી કરીને પણ એશઆરામનાં સાધનો ભેગાં કરીએ છીએ, તે જીવન ટકી ગયા પછી, અમર થઈ ગયા પછી એ આનંદ આપી શકશે કે નહિ તે જરા વિચારી લો.

મોતથી માનવ ડરે છે. પરંતુ એવું જીવન શું જીવન છે જેમાં મોતનો ભય સદા તોળાઇ રહ્યો છે? જો જીવનનું રહસ્ય પામો, મોતને બોલાવો, મોતનો અનુભવ કરો, પછી તમે પણ મસ્ત ફકીરની જેમ કહી શકશો કે :

'जा मरने ते जग करे, मोरे मन आनंद ।'

હાલ તમે જેને જીવન કહો છો તે જીવન નથી, ને મૃત્યુ કહો છો તે મૃત્યુ નથી. માત્ર પ્રકૃતિમાં પરિવર્તન થઇ રહ્યું છે. એમાં જે આવે છે તે જાય છે. પેદા થાય છે તે નાશ પામે છે. પશુ હોય કે પક્ષી હોય, છોડ હોય કે ઝાડ હોય, ઝૂંપડી હોય કે વસતી હોય, નગર, સાગર કે પહાડ હોય, બધું પરિવર્તન રૂપી નદીમાં વહી રહ્યું છે. જ્યાં નગર હતું

ત્યાં સાગર લહેરાય છે, જ્યાં સાગર હતો ત્યાં પહાડ ઊભો છે. જ્યાં વસતી હતી ત્યાં ઘૂવડો બોલી રહ્યા છે. ઘૂવડો બોલતા હતા ત્યાં વસતી છે.

चांद सफरमें सितारे सफरमें हवाए सफरमें,
दरिया के किनारे सफरमें, अरे शायर...
जहाँ की हर चीज है सफरमें,
तो आप बे–सफर कैसे रह सकते हैं ?

તમે જેને 'હું' માનો છો તે શરીર પણ સતત પરિવર્તનની ધારામાં વહી રહ્યું છે. પ્રતિદિન શરીરના જૂના કોષો નાશ પામી રહ્યા છે ને નવા કોષો બની રહ્યા છે. સાત વર્ષમાં તો આખું શરીર બદલાઈ જાય છે એવું વૈજ્ઞાનિકો પણ કહે છે. આ સ્થૂળ શરીરથી સૂક્ષ્મ છૂટું પડે છે. દેહરૂપી વસ્ત્ર બદલે છે, તેને લોકો મોત કહે છે, અને તેના માટે શોક કરી રોકકળ કરે છે.

ભગવાન રામે વાલીનો વધ કર્યો ત્યારે વાલીની પત્ની તારા રામ પાસે આવીને ડૂસકે ડૂસકે રડવા લાગી. રામે કહ્યું : 'અરે તારા, તું શા માટે રડે છે?

क्षितिजल पावक गगन समीरा पंचरचित यह अधम शरीरा ।
सो तनु तव आगे सोहा जीव नित्य तुं कहँ लगी रोवा ॥

તું કોના માટે વિલાપ કરે છે? શરીર માટે કે જીવ માટે? પંચ મહાભૂતના શરીર માટે રડતી હોય તો એ તારી સામે પડચો છે અને જીવ માટે રડતી હોય તો જીવ તો નિત્ય છે, મરતો નથી.'

જો મોત વાસ્તવમાં હોત તો હજારો વખત તમારા થઈ ગયેલા મોતથી તમે મરી ગયા હોત, આજે આ શરીરમાં ન હોત. આ શરીર તો માત્ર વસ્ત્ર છે. અને આજ સુધી તમે હજારો વસ્ત્રો બદલી ચૂકયા છો. આપણો ઈશ્વર કંગાલ નથી, દેવાળિયો નથી કે તેની પાસે માત્ર બે–ચાર વસ્ત્ર જ હોય. તેની પાસે તો પોતાનાં બાળકો માટે ચોર્યાસી ચોર્યાસી લાખ વસ્ત્રો છે. કયારેક ઉંદરનો વેશ તો કયારેક બિલાડીનો વેશ, કયારેક કૂતરાનો તો કયારેક હાથીનો, કયારેક પક્ષીનો તો કયારેક માનવીનો, કયારેક કીડીનો તો કયારેક કાચબાનો–કોણ જાણે કેટકેટલા

વેશ આપણે આજ સુધી બદલતા આવ્યા છીએ. વસ્ત્ર બદલવામાં ભય કેવો ? આ વાત ગીતામાં ભગવાને અર્જુનને કહી છે :

वासांसि जीर्णानि यथा विहानि नवाय गृह्याति नरोपराणि ।
तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि देही ॥

જેવી રીતે માનવી જૂનાં વસ્ત્રો ત્યાગીને નવાં વસ્ત્રો ગ્રહણ કરે છે, તેવી રીતે જ જીવાત્મા જૂનાં શરીરો છોડીને બીજાં નવાં શરીરો ધારણ કરે છે.

બાળકની ચડ્ડી જીર્ણ થાય ત્યારે બા તે કાઢીને નવી પહેરાવે છે તો બાળક બૂમાબૂમ કરી મૂકે છે. બાળકે મોટા થતાં ચડ્ડી છોડીને પેન્ટ પહેરવું પડે છે. તેવી રીતે પરમાત્માનાં સંતાનોને પણ વિકસિત થતાં, મોટા જીર્ણશીર્ણ દેહ છોડીને નવા ને દેદિપ્યમાન દેહ મળે છે. પહેલાં કીડીનો દેહ પછી કાચબાનો, હાથીનો, સિંહનો ને અંતે માનવનો દેહ મળે છે. તો વસ્ત્ર-પરિવર્તનથી ભય કેવો ? વસ્ત્ર બદલવાવાળો તો કદી મરતો નથી, તે તો અમર છે, અને પરિવર્તન તો પ્રકૃતિનો સ્વભાવ છે. તો પછી મોત છે ક્યાં ? આ વાત સમજાવતાં ગીતામાં ભગવાન અર્જુનને કહે છે : 'તને ભય શાનો છે ?

हतो वा प्राप्स्यसि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महीम ।

જો યુદ્ધમાં હણાઈશ તો સ્વર્ગ પ્રાપ્ત કરીશ અને જો જીતીશ તો પૃથ્વીનું રાજ્ય ભોગવીશ.'

તમે ઉદાસ તો નથી થઈ રહ્યા ને ? તમને મોતનો ભય તો નથી લાગતો ને ? હાલ તો જીવન-મૃત્યુની વાત થાય છે; કોઈનું મૃત્યુ નથી આવતું.

અરે, મોત તો એટલું પ્યારું છે કે તેને આમંત્રિત કરીએ તો આનંદમય જીવનનું દ્વાર ખોલી દે છે.

એક યુવાન સાધુ હતો. ફરતો ફરતો નેપાળના એક પહાડની તળેટીમાં પહોંચી ગયો. ત્યાં જોયું તો એક વૃદ્ધ ફકીર બેઠો છે, સાંજનો સમય હતો. અવની પર અંધકારના ઓળા ઊતરી રહ્યા હતા, પેલો વૃદ્ધ ફકીર કહે :

'મારા પગમાં તાકાત નથી. તું જવાન છે. પહાડની ઉપર બાજુ થોડે દૂર મારી ગુફા છે. બેટા, તું મને તારા ખભા પર બેસાડીને મારી ગુફામાં પહોંચાડ.'

જવાન સાધુ પણ અલમસ્ત હતો. તેણે વૃદ્ધ ફકીરને પોતાના ખભે ઊંચકી લીધો ને ચાલી નીકળ્યો પેલી ગુફા તરફ. આવી રીતે ઘણું ચાલ્યા બાદ જવાન સાધુએ પૂછ્યું :

'ગુફા હજી કેટલી દૂર છે ?'

'બસ બેટા, હવે થોડી જ દૂર છે.'

ચાલતાં ચાલતાં ઘણો સમય થયો. યુવાન પૂછતો જાય ને વૃદ્ધ ફકીર કહેતો જાય કે : 'બસ થોડેક જ દૂર.' મામાનું ઘર કેટલે ? દીવો બળે એટલે. એમ કરતાં કરતાં રાતે અગિયારેક વાગે ગુફા આવી. યુવાને વૃદ્ધને નીચે ઊતાર્યો, અને પૂછ્યું :

'બીજી કોઈ સેવા ?'

વૃદ્ધ ફકીર એ યુવાન સાધુની સેવાથી ખૂબ પ્રસન્ન હતો. તે બોલ્યો, 'બેટા, તેં ખૂબ ખૂબ સેવા કરી. બોલ, તને શું આપું ? ત્યાં જો. સામે ત્રણ-ચાર ભરેલા થેલા પડ્યા છે. તેમાંથી જેટલું જોઈએ તેટલું ઉપાડી જા.'

યુવાન સાધુ ત્યાં ગયો ને જોયું તો થેલાઓમાં કંઈક પસ્તી જેવું ભરેલું લાગ્યું. પછી ધ્યાનથી જોયું તો સો સો રૂપિયાની નોટોનાં બંડલથી ગુણી ભરી પડી હતી. પણ એ જોઈને સાધુ પાછો વળી આવ્યો. ફકીરે પૂછ્યું : 'કેમ, માલ પસંદ ન પડ્યો ?'

વૃદ્ધ ફકીર પહોંચેલો યોગી હતો. પોતાના યોગબળથી, દૃષ્ટિમાત્રથી તેણે નોટોથી ભરેલી ગુણી બનાવી દીધી હતી, તેને એવી આશા હતી કે પોતાની સેવા કરનાર યુવાન સાધુ એનાથી ખુશ થઈ જશે. પણ પેલા સાધુએ તો કહ્યું :

'આ બધી ચીજો તો હું પહેલેથી જ છોડીને આવ્યો છું. એનાથી મને જીવન મળશે ? જીવનની રક્ષા થશે ? જીવનની ઓળખાણ થશે ?

મોતને જાણી શકાશે ? એવી ચીજો માટે ઘર છોડીને દર દર ભટકી રહ્યો છું ? જંગલો ને પહાડો ખૂંદી રહ્યો છું. આ બધું તો નશ્વર છે અને ફકીરનાં કદમો પાસેથી પણ નશ્વર મળે તો પછી શાશ્વત ક્યાં મળશે ?'

કઠોપનિષદમાં નચિકેતાની કથા આવે છે. નચિકેતા પણ યમરાજ પાસે માગણી કરે છે કે : 'હે યમરાજ ! કોઈ કહે છે કે મૃત્યુ બાદ મનુષ્ય રહે છે અને કોઈ કહે છે નથી રહેતો આમાં ઘણો સંદેહ છે. તેથી હું સત્ય શું છે તે જાણી શકું એટલા માટે મને મૃત્યુનું રહસ્ય સમજાવો.'

પણ યમરાજ નચિકેતાની કસોટી કરવા માટે તેને ભૌતિક ભોગ-વૈભવની લાલચ આપે છે અને કહે છે :

शतायुषः पुत्रपौत्रान्वृणीष्व बहू न्पशून्हस्तिहिरण्यमश्वान् ।
भूनेर्महदायतनं वृणिष्व स्वयं च जीव शरदोयावदिच्छसि ॥

[वल्ली-१.२३]

'હે નચિકેતા, તું સો વર્ષના આયુષ્યવાળા પુત્રો, પૌત્રો, ઘણાં પશુઓ, હાથી ઘોડા, સોનું માગી લે. પૃથ્વીનું વિશાળ રાજ્ય માગી લે તથા તને પોતાને જેટલાં વર્ષ જીવવાની ઈચ્છા હોય તેટલું જીવ.'

એટલું જ નહિ યમરાજ આગળ કહે છે :

'માનવી માટે જે જે ભોગ દુર્લભ છે તે બધાં ભોગ તું સ્વચ્છન્દતાથી માગી લે. રથ અને સંગીત-સરંજામ સહિત આ લલનાઓ છે, જે માનવીને મળવી દુર્લભ છે તે લલનાઓ લે, અને સેવા કરાવ પણ મૃત્યુ વિષયક પ્રેરણા ન પુછ.'

પરંતુ નચિકેતા આ પ્રલોભનમાં આવતો નથી. અને કહે છે કે : 'બધા ભોગો તો સદૈવ રહેનારા નથી. ભોગ ભોગવવાથી જીવનનું તેજ અને આયુષ્ય નષ્ટ થાય છે. માટે મને ભોગોની ઇચ્છા નથી. મને તો મૃત્યુનું રહસ્ય સમજાવો.'

આ જ પ્રમાણે પેલો યુવાન સાધુ પણ વૃદ્ધ ફકીરને કહે છે : 'મને નોટોનાં બંડલ નહિ જોઈએ. આપ કંઈ આપવા જ ઈચ્છતા

હો તો મને મોત બતાવી દો. મોત શું છે તે જાણવા ઇચ્છું છું. મેં સાંભળ્યું છે કે સાચા ફકીર મરતાં શીખવે છે. હું એ ફકીરી મોતનો અનુભવ કરવા ઇચ્છું છું.'

વસ્તુત : ફકીરો મરવાનું શીખવે છે. આથી લોકો રડતા બાળકોને ચૂપ કરવા કહે છે કે, 'રડ નહિ. જો પેલો બાવો આવ્યો. તને લઈ જશે.' ભલે લોકો અજ્ઞાનવશ બાળકોને બાવાઓથી ને ફકીરોથી ડરાવે છે ને કહે છે કે તેઓ લઇ જશે પરંતુ જેને સાચો ફકીર લઈ જાય છે અથવા જે તેમનો હાથ પકડે છે તે તરી જાય છે. સાચા ફકીર એને બધાં જ ભયોથી મુક્ત કરી દે છે અને તેને એવા પદે બેસાડી દે છે કે જેની આગળ સંસારના બધા ભોગ-વૈભવ, ધન-સંપતિ, પુત્ર-પૌત્ર, યશ-પ્રતિષ્ઠા બધું તુચ્છ લાગે છે. પણ આવા સાચા ફકીરો મળવા દુર્લભ છે ને તેનો હાથ પકડનારા પણ દુર્લભ છે. જે હાથ પકડે છે તે ન્યાલ થઈ જાય છે. પેલા યુવાન સાધુએ પણ આવા ફકીરનો હાથ પકડ્યો હતો. તેની મૃત્યુ જાણવાની જિજ્ઞાસા જોઈ ફકીર બોલી ઊઠ્યો, 'અરે, આ શું માગે છે ? આ તે કંઈ માગવાની ચીજ છે ?'

આમ કહી તેણે યુવાનને બીજી વાતોમાં દોર્યો ને પછી એકાએક ગાલ પર જોરથી એક તમાચો મારી દીધો. યુવાનને જાણે વીજળીનો ચમકારો થયો હોય એવો અનુભવ થયો. તેનું સ્થૂળ શરીર ધરણી પર ઢળી પડ્યું અને સૂક્ષ્મ શરીર તેનાથી અલગ થઇને લોકલોકાંતરમાં ફરવા ઉપડી ગયું. લોકો જેને મૃત્યુ કહે છે તે ઘટના બની ગઈ.

સવાર પડી. આખી રાત એ આનંદમય મૃત્યુના આસ્વાદમાં ડૂબેલા યુવાનના સ્થૂળ શરીરને ઢંઢોળીને ફકીર કહે :

'બેટા ઊઠ ! સવાર પડી ગઇ. ક્યાં સુધી સૂતો રહીશ ?'

યુવાન પ્રસન્ન ચિત્તે આંખ ચોળતો ઊઠ્યો. જેને મૃત્યુ કહે છે તે મૃત્યુને તેણે જોઇ લીધું. આહા ! કેવો અદ્ભુત અનુભવ ! તેનું હૃદય કૃતજ્ઞતાથી ભરાઈ આવ્યું. તેણે ફકીરનાં ચરણો પકડી લીધાં.

લોકો કહે છે કે મરવામાં દુઃખ છે. તેથી તેઓ મોતથી ડરે છે.

કારણ કે સંસારમાં એમનો મોહ છે. એમના માટે મોત ભયજનક છે. પણ ફકીરો માટે તેવું નથી.

મોત તો એક પડાવ છે. એક વિશ્રાંતિસ્થાન છે તેનાથી ભય કેવો ? આ તો પ્રકૃતિની વ્યવસ્થા છે, એ માત્ર સ્થળાંતર છે. દા. ત., હું અત્યારે અહીં છું. અહીંથી આબુ જાઉં તો અહીં મારો અભાવ થયો પણ આબુમાં મારી હાજરી થઈ. આબુથી હિમાલય જાઉં તો હું તો છું જ, માત્ર સ્થાનનું પરિવર્તન થયું.

તમારી અવસ્થાઓ બદલાય છે, તમે નહિ. પહેલાં તમે સૂક્ષ્મ હતા. પછી બાળકનો દેહ ધારણ કર્યો. બાલ્યાવસ્થા છૂટી તો કિશોર બન્યા. કિશોરાવસ્થા ગઈ તો તમે યુવાન બન્યા. યુવાની ગઈ તો વૃદ્ધાવસ્થા આવી. તમે નથી બદલાયા પણ તમારી અવસ્થાઓ બદલાઈ છે. આપણી ભૂલ એ છે કે અવસ્થા પરિવર્તનને આપણે આપણું પરિવર્તન માની લઇએ છીએ. વસ્તુતઃ નથી આપણે જન્મતા–મરતા કે નથી આપણે બાળક, કિશોર, યુવાન, વૃદ્ધ બનતા. એ તો બધાં દેહનાં ધર્મો છે. આપણે દેહ નથી. ફકીરોનો તો એ અનુભવ છે કે,

मुझमें न तीनों देह हैं, तीनों अवस्थाऐं नहीं
मुझमें नहीं बालकपना, यौवन बुढापा है नहीं ॥
जन्मूं नहीं मरता नहीं होता नहीं मैं वेश–कम ।
'मैं ब्रह्म हूं मैं ब्रह्म हूं तीहुं कालमें हुं एक सम ॥

મૃત્યુ એ નવું લાવનાર સંધિસ્થાન છે. એ એક વિશ્રામસ્થળ છે. જેવી રીતે દિવસભરનો થાકેલો માનવી રાતભર મીઠી ઊંઘ લઈને બીજે દિવસે સવારે તાજો થઇને જાગે છે. એ જ પ્રમાણે આ જીવ જીર્ણશીર્ણ સ્થૂળ શરીર છોડીને આગળની યાત્રા ચાલુ રાખવા નવું શરીર ધારણ કરે છે. જૂના શરીર સાથે સંકળાયેલા ટી. બી., દમ, કેન્સર જેવા ભયંકર રોગો, ચિંતાઓ, દેવું એ બધું જ છૂટી જાય છે. દિવસના શ્રમથી થાકેલો માનવી જેમ રાતે ઊંઘને આવકારે છે તેમ સમજદાર વ્યક્તિ મૃત્યુને આવકારે છે.

સ્થૂળ શરીરથી સૂક્ષ્મ શરીરનો વિયોગ જેને મૃત્યુ કહેવામાં આવે છે તે વિશ્રામસ્થળ તો છે, પણ પૂર્ણ વિશ્રાંતિ તેમાં નથી. એ ફકીરી મોત નથી. ફકીરી મોત તો તે છે જેમાં બધી જ વાસનાઓનું મૂળ બળી જાય. અંદર જો સૂક્ષ્મ વાસના પણ જીવતી રહી ગઇ તો જીવ ફરીથી નવું શરીર ધારણ કરી લેશે અને સુખદુઃખની ઠોકરો ખાતો ફરશે. ફરી એ જ,

पुनरपि जननं पुनरपि मरणं,
पुनरपि जननी जठरे शयनम् ..।

કુરુક્ષેત્રના યુદ્ધમાં દુર્યોધન સહિત બધાં પુત્રો મરી ગયાં તો ધૃતરાષ્ટ્ર ખૂબ દુઃખી થયા ને વિદૂરને કહ્યું : 'કૃષ્ણ અને પાંડવોએ મળીને મારા બધાં પુત્રોનો સંહાર કર્યો. આ દુઃખ મારાથી સહન થતું નથી. એક એક ક્ષણ વર્ષ જેવડી લાંબી લાગે છે.'

વિદૂર ધૃતરાષ્ટ્રને સમજાવતાં કહે છે, 'થનારું થયા કરે છે. તમે નકામો શોક ન કરો. આત્મા તો અમર છે. તેના માટે મૃત્યુ જેવી કોઈ ચીજ નથી. પણ આ દેહ છોડી જનાર કદી પાછા આવતા નથી. માટે રામ રાખે તેમ રહીએ, તેથી હે ભાઈ શોક ન કરો.'

પણ ધૃતરાષ્ટ્રનો શોક ઓછો ન થયો. તે હઠ કરીને કહેવા લાગ્યા કે: 'તમે કહો છો તે બધું સમજું છું પણ મારો શોક જતો નથી. મને મારા પુત્રો વિના શાંતિ થતી નથી. પળભર પણ ચિત્ત શાંત થતું નથી.'

અજ્ઞાની ચાહે છે કે હું જે ઇચ્છું છું એ પ્રમાણે થાય ત્યારે જ મને સુખી થશે. આ જ માનવનું અજ્ઞાન છે. શાસ્ત્ર અને સંતોને કેટલોય ઉપદેશ સંભળાવવામાં આવે તો પણ તે સરળતાથી પોતાની માન્યતાનો મોહ છોડવા તૈયાર નથી થતો. વિદૂરનો ધર્મયુક્ત ઉપદેશ ધૃતરાષ્ટ્રને સાંત્વન ન આપી શક્યો. ધૃતરાષ્ટ્ર શાસ્ત્રોથી તદ્દન અજાણ હતા એવું નથી. છતાં પણ તેમનું શાસ્ત્ર-જ્ઞાન પુત્રના મોહથી ને શોકથી મુક્ત ન કરાવી શક્યું.

હરિદ્વારમાં એક મહાન સંત રહે છે. બહુ જ સીધા સાદા. કંતાન વીંટીને રહે છે. જોવામાં તો કોઈ ભિખારી જેવા લાગે પણ અંદરથી સમ્રાટ છે. એમની પાસે એક માણસ આવ્યો ને કહ્યું કે: 'મહારાજ મને શાંતિ જોઈએ.' મહારાજે તેને ધ્યાનથી જોયો અને પછી કહ્યું : 'શાંતિ જોઈએ તો તું ગીતા વાંચ.'

તે ચોંકીને બોલ્યો : 'ગીતા ? ગીતા તો વિદ્યાર્થીઓને હું ભણાવું છું. કોલેજનો પ્રોફેસર છું. ગીતા મારો વિષય છે. હું કેટલીય વાર તે વાંચી ગયો છું. ગીતા પર મારો પૂરો કાબૂ છે.'

મહારાજ : 'એ ઠીક છે. પણ અત્યાર સુધી ભણાવીને પૈસા પર કાબૂ મેળવવા ગીતા વાંચી હશે. હવે મન પર કાબૂ મેળવીને શાંતિ મેળવવા ગીતા વાંચ.'

લોકો શાસ્ત્રોમાંથી સૂચનાઓ, માહિતીઓ ભેગી કરે છે અને તેને જ જ્ઞાન માની લે છે. બીજા પર પ્રભાવ પાડવા તેમને એ વાતો કહે છે, ઉપદેશ આપે છે. પણ પોતાને કોઈ અનુંભવ નથી. મૃત્યુ વિષયક પણ લોકો વિદ્વતાપૂર્ણ પ્રવચનો આપી શકે છે, મૃત્યુથી ડરનારને આશ્વાસન આપી શકે છે. પરંતુ જ્યારે તેમની પોતાની સામે મૃત્યુ આવે છે ત્યારે નસેનસ કંપી ઊઠે છે. કેમ કે તેમને ફકીરી મોતનો અનુમવ નથી.

ઘણા લોકો કહે છે કે જીવન અને મૃત્યુ આપણા હાથમાં નથી. પણ આ એમના માટે છે કે જેઓ આધ્યાત્મિક રહસ્ય નથી જાણતા. પોતાને શરીર માને છે, દીનહીન માને છે. પણ ફકીરો જાણે છે કે જીવન અને મૃત્યુ એ બંને પર માનવનો અધિકાર છે. આ અધિકાર સિદ્ધ કરવાની તરકીબો પણ તેઓ જાણે છે. કોઈ સાહસિક વીર તૈયાર થાય તો બતાવી પણ શકે છે. તેઓ તો ખૂલ્લે ખૂલ્લું કહે છે કે રોતાં કકળતાં મરવું હોય તો ખૂબ ભોગ ભોગવો. કોઈની પરવા ન કરો, ખાઓ, પીઓ, અમર્યાદપણે વિષયસેવન કરો. એવું જીવન તમને આપમેળે મોત તરફ લઈ જશે. પરંતુ જો મોત પર વિજય પ્રાપ્ત કરવો હોય, જીવન સાચી રીતે જીવવું હોય તો ફકીરોના બતાવ્યા પ્રમાણે

આસન કરો, પ્રાણાયામ કરો, ધ્યાન કરો, યોગ કરો, આત્મચિંતન કરો. એવું પદ પ્રાપ્ત કરી લો કે જ્યાં મૃત્યુની પહોંચ નથી. આ કોઈ કપોળ કલ્પિત વાતો નથી. આજે પણ એવા કેટલાય યોગીઓ છે, જેઓ સાધનાઓ દ્વારા આયુષ્ય લંબાવીને જીવન જીવી રહ્યા છે. એકાદ આવો કોઈ યોગી ડોકટરો સામે આવીને પોતાના હૃદયની ગતિ બંધ કરી બતાવે છે તો તે વાત પણ લોકો માટે આશ્ચર્યજનક બને છે. લોકોનાં ટોળાં તેને જોવા ઉમટી પડે છે. પણ આ કંઈ યોગની પરાકાષ્ઠા નથી.

ઈતિહાસમાં જ્ઞાનેશ્વર મહારાજ અને ચાંગદેવનો પ્રસંગ આવે છે. તમે એ જાણતા જ હશો. ચાંગદેવે ચૌદ વાર મોતને છેતર્યું હતું. અર્થાત્ જ્યારે મોતનો સમય આવતો ત્યારે યોગની કળાથી પ્રાણ ઉપર ચડાવી મોતને ટાળી દેતા. આમ કરતાં પોતાના આયુષ્યને ૧૪૦૦ વર્ષ સુધી લંબાવ્યું હતું. તો પણ આત્મશાંતિ મળી નહોતી. ફકીરી મોત જ આત્મશાંતિ અપાવી શકે છે અને એ માટે તેમને જ્ઞાનેશ્વર મહારાજ પાસે આવીને સમર્પિત થવું પડ્યું. ફકીરી મોત શું છે?

ફકીરી મોત જ અસલી જીવન છે. ફકીરી મોત એટલે પોતાના અહંનું મોત, પોતાના જીવનભાવનું મોત. 'હું દેહ છું. હું જીવ છું' એ પરિચ્છિન્ન ભાવનું મોત. પોતાની સૂક્ષ્મ વાસનાઓનું મોત. સ્થૂળ શરીરથી સૂક્ષ્મ શરીરનો વિયોગ એ કોઈ ફકીરી મોત નથી. જો વાસના જીવતી હોય તો સૂક્ષ્મ શરીર વારંવાર સ્થૂળ શરીર ધારણ કરીને આ સંસારમાં જન્મ મરણના દુઃખપૂર્ણ ચક્કરમાં ફર્યા કરે છે.

જ્યાં સુધી ફકીરી મોત નહિ થાય ત્યાં સુધી ચાંગદેવની જેમ ચૌદ વાર શું ચૌદ હજાર વાર પણ જો સ્થૂળ દેહનું મોત અટકાવવામાં આવે તો પણ પરમ શાંતિ નહિ મળે. આથી જ ચાંગદેવને ફકીરી મોત શીખવા જ્ઞાનેશ્વર મહારાજ પાસે આવવું પડ્યું. ૧૪૦૦ વર્ષના શિષ્ય અને ૨૨ વર્ષનો ગુરૂ. આજ ભારતીય સંસ્કૃતિ છે. ઉંમરને અને જ્ઞાનને કોઈ સંબંધ નથી

આપણે તો જીવનમાં ડગલે ને પગલે નાની મોટી પરિસ્થિતિઓથી કંપી જઈએ છીએ. આવું ભયભીત જીવન શું જીવન છે?

એ તો મોતથી પણ બદતર છે. આથી તો કહું છું કે જો અસલી જીવન જીવવું હોય, નિર્ભય જીવન જીવવું હોય તો ફકીરી મોતને એક વાર જાણી લો.

ફકીરી મોત એટલે પોતાને અમર જાણી લેવો. ફકીરી મોત છે એ પદ પર બેસી જવું કે જ્યાંથી જીવન પણ દેખાય છે ને મોત પણ દેખાય છે; જ્યાંથી દેખાય છે કે 'સુખદુઃખ આવ્યાં ને ગયાં; બાળપણ, યુવાની ને વૃદ્ધાવસ્થા આવ્યાં ને ગયાં પણ એ બધાં શરીર સાથે સંકળાયેલાં રહ્યાં. મને તેનો સ્પર્શ સુદ્ધાં ન થયો. હું તો અસંગ છું, અમર છું. મારો જન્મ પણ નથી ને મૃત્યુ પણ નથી.'

સોક્રેટીસને ઝેર આપવામાં આવ્યું ત્યારે તેમના શિષ્યો રડવા લાગ્યા. કેમ કે તેમને અજ્ઞાન હતું કે સોક્રેટીસ હવે બચશે નહિ, મરી જશે. સોક્રેટીસે કહ્યું.

'અરે, તમે કેમ રડો છો? હમણાં સુધી મેં જીવન જોયું. હવે મોતને જોઈશ. હું જો મરી જઈશ તો આજ નહિ તો કાલ મરી તો જવાનો જ હતો, તેથી રડવાની જરૂર નથી. અને જો મરવા છતાં નહિ મરું, માત્ર શરીર જ છિન્ન ભિન્ન થશે તોય રડવાની જરૂર નથી.'

સોક્રેટીસે અચકાયા વગર, રાજીખુશીથી ઝેરનો પ્યાલો પી લીધો અને શિષ્યોને કહ્યું :

'જુઓ, આ રડવાનો સમય નથી. બહુ જ મહત્ત્વપૂર્ણ વાત સમજવાનો સમય આવ્યો છે. મારા શરીર પર ઝેરની અસર થવા લાગી છે. મારા પગ સુન્ન થવા માંડ્યા છે. મને પગની અનુભૂતિ થતી નથી. હવે એ અસર વધવા લાગી છે. ઘૂંટણ સુધી જડતા વ્યાપી ગઈ છે...હવે કમર સુધીનો ભાગ સંવેદનહીન બની ગયો છે.'

આ પ્રમાણે ધીરે ધીરે સોક્રેટીસનું આખું શરીર ઠંડું પડવા માંડ્યું. સોક્રેટીસે કહ્યું : 'હવે ઝેરની અસરથી હાથ, પગ, છાતી જડ થઈ ગયાં છે. થોડીવારમાં મારી વાચા પણ બંધ થઈ જશે. એ પહેલાં એક મહત્ત્વપૂર્ણ વાત સાંભળી લો. જીવતાં જે ન જાણી શકાયું તેનો અનુભવ અત્યારે થઈ રહ્યો છે શરીરનાં અંગો એક પછી

એક જડ થઈ રહ્યાં છે પણ તેથી મારામાં કોઈ ફરક નથી પડતો. હું એટલો જ પૂર્ણ છું, જેટલો પહેલાં હતો. શરીરથી મને પોતાને અસંગ અનુભવી રહ્યો છું. અત્યાર સુધી જેમ જીવન જોયું તેમ અત્યારે મોતને પણ જોઈ રહ્યો છું. આ મોત મારું નથી પણ શરીરનું છે.'

સોક્રેટીસ તો શરીર છોડતાં છોડતાં પોતાનો અનુભવ જગતને કહેતા ગયા છે : શરીરનું મોત એ તમારું મોત નથી. શરીર જવા છતાં તમે એવા ને એવા પૂર્ણ છો.

પરંતુ ભારતના ઋષિઓ તો અનાદિકાળથી કહેતા આવ્યા છે :

श्रण्वन्तु विश्वे अमृतस्य पुत्रा ।
आ ये घामानि दिव्यानि तस्थुः ॥
वेदाहमेतं पुरुषं महान्तम्
आदित्यवर्णं तमसः परस्तात् ।
तमेव विदित्वातिमृत्युमेति
नान्यः पन्था विद्यतेऽयनाय ॥

'હે અમૃત પુત્રો, સાંભળો. આ મહાનથી પણ મહાન પરમ પુરુષોત્તમને હું જાણું છું. તેઓ અવિદ્યારૂપી અંધકારથી સર્વથા અતીત છે. તેઓ સૂર્યની જેમ સ્વયંપ્રકાશ સ્વરૂપ છે. એમને જાણીને જ મનુષ્ય મૃત્યુનું ઉલ્લંઘન કરવામાં, જન્મ-મૃત્યુના બંધનથી સદા માટે છૂટકારો મેળવવા સમર્થ થાય છે. પરમપદની પ્રાપ્તિ માટે આ સિવાય બીજો કોઈ માર્ગ નથી.'

શ્વેતાશ્વરોપનિષદ અને આ કંઈ વેદ-ઉપનિષદ કાળની વાત છે, ત્યારના ઋષિઓ ગયા, હવે નથી—એમ નથી. આજે પણ એવા ઋષિઓ, ફકીરો છે કે જેમણે એ સત્યની અનુભૂતિ કરી છે. પોતાના અમૃત-તત્ત્વનો અનુભવ કર્યો છે. એટલું જ નહિ, બીજાને પણ એ અનુભવમાં ઉતારી શકે છે. રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, સ્વામી રામતીર્થ, રમણ મહર્ષિ વગેરે આવા તત્ત્વવેત્તા હતા અને અત્યારે પણ એવા મહાપુરુષો જંગલોમાં અને સમાજમાં હસ્તી ધરાવે છે. અહીં પણ હોઈ શકે છે. પણ એમને જોવાની આંખ જોઈએ.

આ ચર્મચક્ષુથી એમને ઓળખવા મુશ્કેલ છે. છતાં પણ જિજ્ઞાસુ કે મુમુક્ષુ વૃત્તિના લોકો એવા મહાપુરુષોની કૃપાથી થોડો ઈશારો મેળવી શકે છે.

આવા ફકીરો પાસે ત્રણ પ્રકારના લોકો આવે છે : (૧) દર્શક (૨) વિદ્યાર્થી (૩) સાધક.

દર્શકો એટલે એવા લોકો કે જે ખાલી દર્શન કરવા આવે. જોવા આવે કે સંત કેવા છે, શું કરે છે, શું કહે છે. ઉપદેશ સાંભળ્યો તો ઠીક છે પણ તે પ્રમાણે કરવા ન કરવા સાથે કોઈ સંબંધ નથી. આગળ વધવા માટે અંદરથી ખાસ કોઈ ઉત્સાહ નથી.

બીજા કેટલાક વિદ્યાર્થી હોય છે. તેઓ શાસ્ત્ર અને ઉપદેશ અંગે પોતાની જાણકારી વધારવા આવે છે. પોતાની પાસે રહેલ માહિતીમાં ઉમેરો કરવા આવે છે, જેથી બીજાને એ બધું સંભળાવીને પોતાની વિદ્વાન તરીકેની છાપ ઉપસાવી શકાય. સાંભળ્યું, યાદ રાખ્યું, બીજાને સંભળાવ્યું. જાણે 'ગુડસ ટ્રાન્સપોર્ટ કંપની પ્રાઈવેટ લિમિટેડ.' અહીંનો માલ ત્યાં, ત્યાંનો માલ અહીં.

આવા લોકો તત્ત્વને સમજવાના માર્ગે ચાલવાનો પરિશ્રમ ઉઠાવવા તૈયાર નથી.

ત્રીજા પ્રકારના લોકો છે સાધક. આ લોકો એવા છે કે જેઓ સાધના-માર્ગ પર ચાલવા તૈયાર છે. એમને જે કહેવામાં આવે તે પ્રમાણે અનુસરવા પૂર્ણ રીતે કટિબદ્ધ હોય છે. પોતાની સમગ્ર શક્તિ તેમાં રેડવા તત્પર હોય છે. એ માટે માન, મોભો, તન, મન, ધન એ બધું હોમી દેવા તૈયાર હોય છે. સંત પ્રતિ, પોતાના ધ્યેય પ્રતિ એમને અપાર શ્રદ્ધા હોય છે. સંત કે ફકીરના નિર્દેશ અનુસાર પોતાની મંજિલ તરફ સાહસિક બની ચાલી નીકળે છે.

વિદ્યાર્થી વ્યક્તિત્વને શણગારવા આવે છે જ્યારે સાધક વ્યક્તિત્વને વિખેરવા આવે છે. **સાધક પોતાના ધ્યેયની સરખામણીમાં વ્યક્તિત્વને કે અહંને કોઈ મૂલ્ય આપતો નથી.**

જ્યારે વિદ્યાર્થીને તો અહં કે વ્યક્તિત્વનો શણગાર જ સર્વસ્વ છે. વિદ્વતા વધારવી, માહિતીનો સંગ્રહ કરવો, વ્યક્તિત્વને આકર્ષક બનાવવું એમાં જ તેને સાર દેખાય છે. તત્ત્વ તરફ દુર્લક્ષ સેવે છે.

આથી તો ફકીરો પાસે આવનારા ઘણા છે પણ સાધક બનીને ટકી રહી તત્ત્વનો સાક્ષાત્કાર કરનારા વિરલા જ મળે છે.

જેણે ફકીરી મોત જાણ્યું અથવા આત્મજ્ઞાન થયું હોય તે ભલે શરીરની દૃષ્ટિએ નાની ઉંમરનો હોય તો પણ તેની આગળ લૌકિક વિદ્યામાં પ્રવીણ અને મોટી ઉંમરના, સફેદ દાઢીમૂછવાળા લોકો પણ બાળક સમાન હોય છે. આથી યુવાન વયના જ્ઞાનેશ્વર મહારાજ પાસે યોગવિદ્યામાં પ્રવીણ એવા ૧૪૦૦ વર્ષના ચાંગદેવને પણ શરણું લેવું પડ્યું. પ્રાચીનકાળમાં પણ એવાં ઘણાં ઉદાહરણો જોવા મળે છે કે જેમાં ગુરુ યુવાન હોય અને શિષ્ય વૃદ્ધ હોય.

चित्रं वटतरोर्मूले वृद्धाः शिष्या गुरुर्युवा ।
गुरोस्तु मौनं व्याख्यानं शिष्यास्तुच्छिन्नसंशयाः ॥

અર્થાત્, કેવું વૈચિત્ર્ય છે કે વટવૃક્ષ નીચે યુવાન ગુરુ અને વૃદ્ધ શિષ્યો બેઠા છે. ગુરુનું મૌન દ્વારા વ્યાખ્યાન થાય છે અને શિષ્યોના સર્વ સંશયોનું નિવારણ થતું જાય છે, શંકાઓનું સમાધાન થતું જાય છે.

આપણા મોટેરા આશ્રમમાં પણ આવા સાઠેક વર્ષના, ધોળા વાળવાળા એક સાધક છે. તે ડીસામાં એક ફકીર પાસે ગયા હતા તો દર્શક બનીને. પણ ફકીરની દૃષ્ટિ પડતાં દર્શકમાંથી સાધક બની ગયા. પાંચેક વર્ષ પહેલાં હું ડીસાના આશ્રમમાં હતો ત્યારે તેઓ મારી પાસે આવ્યા. આ પાકટ વયે પણ તેઓ અઢાર વર્ષની એક બાળા સાથે લગ્નની તૈયારીમાં હતા અને આશીર્વાદ માટે ત્યાં આવ્યા હતા. એમને જોઈ મારા મુખેથી શબ્દો નીકળી પડ્યા : 'હવે તમારાં લગ્ન ઈશ્વર સાથે કરાવીશ'. આ સાંભળીને એમને આશ્ચર્ય થયું. ન

તેઓ મને પહેલેથી જાણતા હતા, કે ન હું તેમને જાણતો હતો. એ વખતે એમનું શરીર પણ કેવું ? ચરબીથી ફસોઠસ, સ્થૂળ, કફ, પિત્ત, દમ તથા અન્ય રોગોથી ભરેલું. ડીસાના કાપડના મોટા વેપારી હતા. તડકામાં છત્રી વિના દુકાનનું પગથિયું ઉતરાય નહિ, પ્રકૃતિ એવી કે કોઇ સંત મહાત્માઓને ગાંઠે નહિ. કામવાસના એટલી ભરેલી કે અગાઉ બે પત્નીઓ મરી ચૂકી હતી છતાં આ ઉંમરે પણ ત્રીજું લગ્ન કરવા તૈયાર થયા હતા. પત્ની વગર એક દિવસ પણ રહી શકતા ન હતા.

તેઓ જ્યારે ઘેર ગયા ત્યારે તેમણે અનુભવ્યું કે તેમની કામવૃત્તિ શમી ગઈ હતી. પેલી થનાર ભાવિ પત્ની સાથે એકાંતમાં ચેષ્ટાઓ કરવા છતાં તેમને સફળતા મળી નહિ, તેમને આશ્ચર્ય થયું કે આટલી પ્રબળ કામવૃત્તિ ક્યાં અલોપ થઇ ગઇ ! પછી તેમને સમજાયું કે ફકીર દ્વારા ઇશ્વરીય અહેતુકી કૃપા એમનામાં ઉતરી છે. તેમને બધો સંસાર સૂનો સૂનો લાગવા માંડ્યો. તરત જ પેલી યુવતીને કપડાં તથા રૂપિયા આપીને બેટી ગણી વિદાય કરી. ત્યાર બાદ તેમણે આસન, પ્રાણાયામ ગજકરણી, નેતિ, ધોતી, બસ્તી વગેરે યોગિક ક્રિયાઓ શીખીને નિયમિત પ્રયોગ કરવા માંડ્યો. આથી તેમના શરીરના જૂના રોગો, કફ, પિત્ત' દમ વગેરે દૂર થયા. શરીર પરથી વધારાની ચરબી ઊતરી ગઇ. દેહ હળવો ફૂલ થઈ ગયો હવે તો તેઓ યુવાનો સાથે દોડવામાં હરીફાઈ કરે છે. ધ્યાનયોગની સાધનામાં એટલી પ્રગતિ કરી છે કે તેમને અલૌકિક અનુભવો થાય છે. સૂક્ષ્મ શરીરથી લોકલોકાંતરમાં ફરી આવે છે.

આ પણ કંઈ સાધનાની આખરી ભૂમિકા નથી. સર્વોચ્ચ શિખર નથી. એ પણ માયાની સીમામાં જ છે. પછી ચર્મચક્ષુથી જુઓ કે ધ્યાનમાં બેસીને જુઓ. કેમ કે

यद् दृश्यं तदनित्यम् ।

જે દેખાય છે તે અનિત્ય છે. 'जो दिखे सो चालनहार ।'

ચાંગદેવ પણ યોગમાં પ્રવીણ હતા. કાળને ઘણીવાર છેતરી

ચૂક્યા હતા. પણ માયાને છેતરી શક્યા ન હતા. તેઓ પણ સાત્વિક માયામાં હતા. માયાથી પર ન હતા.

माया ऐसी ठगिनी ठगत फिरत सब देश ।
जो ठग या ठगिनी ठगे वा ठगको आदेश ॥

કોઈ વિરલા સંત જ આ માયાને ઠગી શકે છે, માયાથી પાર થઇ જાય છે. બાકીના લોકોને તો આ માયા નશ્વરમાં શાશ્વતનો આભાસ કરાવે છે, અને અસ્થિરતાને સ્થિરતા બતાવે છે. આવી મોહિની માયા વિષે ભગવાન કૃષ્ણ પણ ગીતામાં કહે છે :

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ॥ ७–१४

મારી આ દૈવી, ત્રિગુણમયી માયા તરવી દુષ્કર છે. પણ જેઓ મારે શરણે આવે છે તેઓ આ માયાને તરી જાય છે.

જે સંત કે ફકીર આવી દુષ્કળ ત્રિગુણમયી માયાને તરી જાય છે અને મોતની પોલને જાણી લે છે તેઓ કહે છે કે : એક એવી જગ્યા છે જ્યાં મોતની પહોંચ નથી, જ્યાં મોતનો ભય નથી. જેનાથી મોત પણ ભય પામે છે. અમે એવા સ્થાને બેઠા છીએ. તમે ઇચ્છો તો તમે પણ બેસી શકો છો. ફકીર કહે છે કે તમારામાં એક એવું ચેતન છે કે જે કદી મરતું નથી. જેણે કદી મૃત્યુ જોયું નથી. જીવન–મૃત્યુના આભાસી પરિવર્તનને જુએ છે પણ બધાથી પર છે.

ઘડામાં આવેલું ચંદ્રનું પ્રતિબિંબ ઘડાનું પાણી ઊકળતું જોઇને માને કે હું ઊકળું છું, પાણી હાલે તો માને કે હું હાલું છું. ઘડો ફૂટી ગયો તો માને કે હું મરી ગયો. પણ આ તેનું અજ્ઞાન છે. જો તેને ખબર પડી જાય કે પાણી ઊકળવાથી હું નથી ઊકળતો, પાણી હાલવાથી હું નથી હાલતો, હું તો એ ચંદ્રમા છું કે જે હજારો હજારો ઘડાઓમાં ચમકી રહ્યો છું. કેટલાય ઘડા ફૂટચા પણ હું તૂટચો નહિ, હું એનાથી અસંગ છું, તો તે કદી દુ:ખી નહિ થાય.

એ જ પ્રમાણે આપણો જે આત્મા છે તેને જો જાણી લઇએ અર્થાત્ આપણે શરીર, મન, બુદ્ધિ નથી પણ આત્મા છીએ એ જાણી લઇએ તો ભલે કેટલાય શરીરોરૂપી ઘડાઓ રચાય ને ફૂટી જાય, કેટલીય સૃષ્ટિઓનો પ્રલય થઈ જાય પણ આપણને કોઈ ભય નહિ લાગે. કારણ કે આત્માનો સ્વભાવ છે :

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥ (ગીતા ૨-૨૩)

'એને (આત્માને) શસ્ત્રો છેદી શકતાં નથી, અગ્નિ બાળી શકતો નથી, પાણી ભીંજવી શકતું નથી. પવન સૂકવી શકતો નથી.'

જે ફકીરોએ આ રહસ્યને જાણી લીધું છે, એ અનુભવમાંથી પસાર થયા છે તેઓ બધા જ ભયથી પાર થઇ ગયા છે. તેથી પોતાની અનુભવસિદ્ધ વાણીમાં તેઓ કહે છે : તમે પોતાના અંતરાત્માથી અજાણ છો. તમે પોતાના આત્મામાં, પોતાના મહિમામાં જાગી જાઓ. જો પોતાને દીનહીન માનતા રહેશે તો રોતા રહેશો. એવું કોણ છે જે તમને દુઃખી કરી શકે? તમે જો ધારો તો દુઃખ તમને સ્પર્શી પણ ન શકે. અનંત અનંત બ્રહ્માંડને જે ચલાવી રહ્યું છે તે ચેતન તમારામાં ચમકી રહ્યું છે. એની અનુભૂતિ કરી લો. એ જ તમારું વાસ્તવિક સ્વરૂપ છે.

મન્સૂરને શૂળી પર ચડાવવામાં આવ્યા હતા. પરંતુ એમને શૂળીનો કોઈ ભય ન હતો. શૂળીનું કષ્ટ એમને અડી પણ ન શક્યું કેમ કે મન્સૂર પોતાના મહિમામાં જાગેલા હતા. તેમને ખબર પડી ગઈ હતી કે, 'હું શરીર નથી. શૂળી શરીરને લાગી શકે છે, મને નહિ.' તેથી હસતાં હસતાં મન્સૂર શૂળીએ ચડી ગયા હતા.

આપણે જાણી જોઇને જ આપણી પ્રસન્નતાની, આપણા સુખદુઃખની ચાવી બીજાના હાથમાં સોંપી દઈએ છીએ. કોઇક કહી દે તો આપણે ગુસ્સે થઇ જઇએ, કોઇ થોડીક પ્રસંશા કરે તો હર્ષથી ફુલાઇ જઈએ. કેમ કે આપણે આપણને સીમિત કે પરિચ્છિન્ન શરીર–મન માનીને ચાલીએ છીએ. આપણે આપણા વાસ્તવિક સ્વરૂપને, આપણા

મહિમાને નથી જાણતા. નહિ તો મજાલ છે કે જગતના બધાં લોકો તથા તેત્રીસ કરોડ દેવતા મળીને આપણને દુઃખી કરવા ચાહે ને આપણે દુઃખી થઈ જઇએ! જ્યારે આપણે જ અંદરથી સુખ કે દુઃખને સ્વીકૃતિ આપીએ છીએ ત્યારે જ આપણને સુખદુઃખ થાય છે. હંમેશાં પ્રસન્ન રહેવું એ ઈશ્વરની સૌથી મોટી ભકિત છે.

સ્વામી રામતીર્થ કહ્યા કરતા હતા કે જો કોઇ તમારી પ્રસન્નતા છીનવીને સ્વર્ગના ફિરસ્તા બનાવે તો એ ફિરસ્તા પદને ઠોકરે મારો પણ પોતાની પ્રસન્નતા ન છોડો.

આ જીવન અને મૃત્યુ આપણે કેટલીયવાર જોઇ ચૂકયા છીએ. ફકીરો કહે છે : તમારું ન જીવન છે ન મૃત્યુ છે. તમે જીવ નથી પણ શિવ છો. તમે અમર છો. તમે અનંત અનાદિ સચ્ચિદાનંદ પરમાત્મા છો. જો જન્મ અને મરણના ખેલથી થાકી ગયા હો, તેના ખોખલાપણાને જાણી ચૂકયા હો, એમાં અસાર જોઇ ગયા હો તો કોઇ ફકીરનો સંગ કરીને ફકીરી મોતને જાણી લો. પછી તમને કોઇ દુઃખ, કોઇ મૃત્યુ ભયભીત નહિ કરી શકે પછી જેને આવવું હોય તે આવે, જવું હોય તે જાય. સુખ આવે તો આવવા દો, દુઃખ આવે તો આવવા દો. જે આવશે તે જશે. તમે દૃષ્ટા બની જોતા રહો. તમને કોઈ ડરાવી શકયું નથી.

મોત કરતાં મોતનો ભય ખરાબ છે. ભયમાંથી જ બધાં પાપ પેદા થાય છે. ભય જ મૃત્યુ છે.

લોકો પૂછે છે : 'સ્વામીજી, જો આત્મ–સાક્ષાત્કાર થઇ જાય તો તેના પછી શું થાય છે?' થાય શું? આપણે આપણા સ્વરૂપમાં જાગી જઇએ છીએ. પછી આપણાથી જે પ્રવૃત્તિ થાય તે આનંદમય જ હશે. સંસારની કોઇ પણ દુઃખપૂર્ણ ઘટના આપણને દુઃખી ન કરી શકે. પછી ચાહે આ શરીર રહે કે ન રહે, પણ આપણા આનંદમાં કોઇ ફરક ન પડે, એ આનંદસ્વરૂપ આપણા આત્માને જાણવો એ જ માનવ જીવનનું પરમ કર્તવ્ય છે. પરંતુ એ પરમ કર્તવ્ય તરફ માનવનું ધ્યાન જતું નથી અને તુચ્છ પ્રવૃત્તિઓમાં અટવાઈ રહે છે.

આપણે મુસાફરીએ નીકળીએ ત્યારે ખાવા માટે ટિફિન ઘેરથી

સંભાળીને ભરીએ છીએ. પણ ભોજન કરતાંય વધુ મહત્ત્વનું અને જરૂરી પાણી છે. પણ એ વિષે આપણે વિચારીએ છીએ કે પાણી તો સ્ટેશન પર ભરી લઈશું. ઘેરથી પાણી ભરવાની કાળજી રાખતા નથી. આ પાણીથી પણ વધારે જરૂરી છે હવા. હવા વિના એક મિનિટ પણ ન ચાલે. પરંતુ હવાનો જથ્થો આપણે સાથે લેતા નથી. આપણે જાણીએ છીએ કે એ તો સર્વત્ર મળે છે. જ્યારે શ્વાસ લેવો હશે ત્યારે હવા મળશે. અને તેથી હવા માટે આપણે બેદરકાર રહીએ છીએ. હવા કરતાં ઓછા જરૂરી એવા પાણી માટે અને પાણીથી પણ ઓછા જરૂરી એવા ભોજન માટે વધારે કાળજી લઈએ છીએ. આ જ પ્રમાણે આનંદ સ્વરૂપ આત્મામાં જાગવાના પરમ કર્તવ્યને છોડીને ઓછા મહત્ત્વના સ્થૂળ શરીરના લાલનપાલનમાં આપણે લાગી રહીએ છીએ. આ સ્થૂળ શરીર અસત્ જડ અને દુઃખરૂપ છે, એને ચલાવનાર સૂક્ષ્મ ભૂતોથી બનેલું સૂક્ષ્મ શરીર છે. અને તેને પણ ચેતન આપનાર સત્ ચિત્ આનંદ સ્વરૂપ આત્મા છે. એ આનંદસ્વરૂપ આત્માનો આ અસત્, જડ, દુઃખ રૂપ શરીર સાથે મેળ થઇ ગયો છે. આથી આપણે પણ આપણને અસત્, જડ, દુઃખરૂપ અને મરણધર્મા સમજીને જીવનભર મોતના ડરથી દુઃખી રહીએ છીએ.

અનંત પરમાત્મા આગળ નથી ઉત્થાન કે નથી પતન, નથી જન્મ કે નથી મરણ. ત્યાં તો બધું એકરસ છે. આપણે જ મોહવશ સંસાર ઊભો કરીએ છીએ, એક બીજા સાથે સંબંધો બાંધી લઇએ છીએ.

એક સંત પાસે એક સજ્જનનો પત્ર આવ્યો. એમાં લખ્યું હતું કે : 'સ્વામીજી, આપના આશીર્વાદથી મારે ત્યાં પુત્રનો જન્મ થયો.' સંતે તેને લખ્યું કે 'તમે જૂઠું બોલો છો.' પછી જ્યારે તે સજ્જન સંત પાસે ગયા ત્યારે તેમણે કહ્યું કે, 'સ્વામીજી, હું સાચું જ કહું છું કે મારે ત્યાં પુત્રનો જન્મ થયો છે.' ત્યારે ફરીથી સંતે કહ્યું કે તમે જૂઠું બોલો છો. આ સાંભળીને પેલા સજ્જનની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ, સંતે કહ્યું : 'પુત્રનો જન્મ નથી થયો;

પણ પિતાનો જન્મ થયો, માતાનો જન્મ થયો, કાકા–મામાનો જન્મ થયો, પુત્રને તો ખબર જ નથી કે મારો જન્મ થયો છે, અને હું કોઈનો પુત્ર છું. પણ આપણે એના પર બધાં સંબંધો આરોપિત કરી દઈએ છીએ. વસ્તુતઃ પંચભૂતોમાં કોઈક આકાર બની ગયો છે, તેને 'પુત્ર, નામ આપી દીધું. સમય આવ્યે આ આકાર વિખરાઈ જશે. આ આકાર બને એમાં હર્ષ અને આકાર વિખરાય એમાં શોક શાનો ? ભય શાનો ?

જે શરીરને આપણે 'હું' માનીએ છીએ એની પ્રકૃતિ તો જુઓ! પીધું તો અમૃત જેવું શીતળ પાણી. પણ નીકળ્યું મૂત્ર રૂપે ગંદું પાણી. ખાધા હતા મોહનથાળ, દૂધપાક, છપ્પન ભોગ, પણ બની ગયું બધું વિષ્ટારૂપ. શરીરનો સંગ કરનાર પદાર્થની આવી હાલત થાય છે. સત્ ચિત્ આનંદ સ્વરૂપ આત્મા પણ અજ્ઞાનથી શરીર સાથે એક થઈને જ 'હું' માને છે તેથી દીનહીન બની દુઃખી થાય છે. પણ જો તે પોતાના મૂળ સ્વરૂપમાં જાગી જાય તો પોતાને દેવોનો પણ દેવ અનુભવે છે.

આપણે શરીર માટે અહંબુદ્ધિ કરી તો શરીરનું મોત તો નિશ્ચિત છે. તેનું પરિવર્તન અવશ્યંભાવિ છે. તેને તો ખુદ બ્રહ્માજી પણ નથી રોકી શકતા. પરંતુ જો આપણા સ્વરૂપને જાણી લીધું, આત્મસ્વરૂપમાં નિષ્ઠા થઈ ગઇ, તો સ્વરૂપનું મોત થતું નથી. મોત પણ એનાથી ડરે છે.

સ્વામી અખંડાનંદ સરસ્વતી એક વાર રેલવેના ત્રીજા વર્ગના ડબ્બામાં બેસીને મુસાફરી કરી રહ્યા હતા. તેઓ પોતાની જાતને તપાસી રહ્યા હતા કે લોકોના માનાપમાનની કોઇ અસર તેમના પર પડે છે કે નહિ ? આત્મનિરીક્ષણથી એમને જણાયું કે અસર તો થાય છે. આ વાત એમણે શ્રી ઉડિયા બાબાને કરી. શ્રી ઉડિયા બાબાએ કહ્યું :

'તમે બેસો છો કચરાના ઢગલા પર અને કહો કે છો કે મારા પર કોઇ કચરો ન ફેંકે. કચરાની દુર્ગંધ મને ન આવે. એ કેમ બને ?

તમે બેસો છો શરીરમાં અને આશા રાખો છો કે માન અપમાનની અસર ન થાય. પોતાને શરીર માન્યું તો માન–અપમાન, સુખ–દુઃખ પણ થશે ને જન્મમૃત્યુ પણ થશે.'

વેદાંતના રહસ્યને સમજવું એ સ્ત્રીઓનું કામ નથી. સ્ત્રી એટલે પ્રકૃતિના શરીરને 'હું' માનીને જીવનાર.

એક વાર રાજા જનક વિદ્વાનોની સભા ભરીને બેઠા હતા. એ સભામાં ગાર્ગી આવી. એ બિલકુલ દિગંબર હતી. આવી અવસ્થામાં ગાર્ગીને જોઇને પંડિતોએ અણગમો બતાવીને મોં ફેરવી લીધાં. પુરુષોથી ભરેલી સભામાં એક નગ્ન સ્ત્રી ! ગાર્ગી બોલી :

'હે પંડિતો, મોં કેમ ફેરવો છો?'

'તું એક અબળા થઈને આવી દિગંબર અવસ્થામાં આવી ?' પંડિતો બોલ્યા.

ગાર્ગી તરત બોલી, 'કોણ કહે છે કે હું અબળા છું ? હું તો સબળા છું. અબળા તો તમે છો કે જેને પોતાના રક્ષણ માટે બહાર જોવું પડે છે. હું ખુદ જ મારો રક્ષક છું. હું આ શરીર નથી. હું તો સત્ ચિત્ આનંદ સ્વરૂપ આત્મા છું. હું મને પોતાને જાણું છું.'

જેને જાણીને ગાર્ગી નિર્ભય થઈ ગઇ હતી એ આનંદ સ્વરૂપ પોતાના આત્મતત્ત્વને જે જાણી લે છે, એમાં જ સ્થિત થઇ જાય છે. તે જીવન અને મોત બંનેથી પર, બન્નેનો દ્રષ્ટા થઈ જાય છે. તે પછી તેને કોઈ ભય નથી. તે સદૈવ આનંદમાં રહે છે.

મુદ્રણસ્થાન : મહેન્દ્ર પ્રિન્ટર્સ, ભાટીયા પોળ સામે, રાયખડ, અમદાવાદ.

પૂજ્યશ્રીની અમૃતવાણીનાં અન્ય રત્નો

૧.	વાસ્તવિક જીવનનો રાહ	ગુજરાતી	૧–૫૦
૨.	વ્યવહારમાં વેદાંત	,,	૧–૫૦
૩.	જીવનનાં અજવાળાં	,,	૧–૫૦
૪.	આતમ દીપ જગાવો	,,	૧–૫૦
૫.	અમી કટોરો	,,	૧–૫૦
૬.	સત્સંગ સુવાસ	,,	૧–૫૦
૭.	સત્સંગ સરિતા	,,	૦–૫૦
૮.	સત્સંગ નિર્ઝર	,,	૦–૫૦
૯.	અમૃત નિર્ઝર	,,	૧–૫૦
૧૦.	નશાથી સાવધાન	,,	૦–૫૦
૧૧.	સહજવાણી (ભાગ ૧ થી ૬)	(હિન્દી)	૫–૧૦
૧૨.	દિવ્ય જીવન કી ઓર	,,	૦–૬૦
૧૩.	સુખ દુઃખ સે પરે	,,	૧–૫૦
૧૪.	પરમ સુખકી ઓર	,,	૧–૫૦
૧૫.	જાગો, અપને આપ મેં	,,	૧–૨૫
૧૬.	સત્સંગ કણિકા	,,	૦–૪૦
૧૭.	નારી ધર્મ	,,	૦–૫૦
૧૮.	યોગલીલા	,,	૬–૫૦
૧૯.	ફકીરી મૌત	,,	૧–૦૦
૨૦.	યોગ અમૃત .	,,	૧–૭૦
૨૧.	સંત વાણી	સિંધી	૧–૦૦
૨૨.	સંત અંઈ સાઇંજા સબાજા	,,	૧–૦૦
૨૩.	સત્સંગ સરિતા	,,	૧–૦૦
૨૪.	સંતવાણી (પદ્ય)	અન્ય હિન્દી	૧–૨૫
૨૫.	સુખમની ,,	,, સિંધી	૪–૦૦
૨૬.	બ્રહ્મબાવની ,,	,, ગુજરાતી	૧–૦૦

પૂ. સંતશ્રી આશારામજી
મોટેરા આશ્રમ, સાબરમતી.